તાત્કાલિક સમય મર્યાદા/

ગુજરાત સરકાર

ક્રમાંક:એમસીજી/૧૦૧૯/SFS-૨૬/જ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
બ્લોક નં.૭/૭, સરદાર પટેલ ભવન,
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૫/૧૧/૨૦૨૦

પ્રતિ,
અધિક નિયામકશ્રી(ત.શિ.)
બ્લોક નં-૪/૩, ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય:બોન્ડની નવી નીતિની અમલવારી બાબતે બોન્ડ, સોલવંશી/ બેંક ગેરંટી, બાહેધરીખત વગેરે દસ્તાવેજો લેવા બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવનું કે, આ.પ.ક.વિ.ના તા.૧૪-૮-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: એમસીજી /૧૦૧૯ /એસએફએસ-૨૧/જથી મેડીકલ કોલેજોમાં સ્નાતક અભ્યાસક્રમમા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે સુધારેલ બોન્ડ નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. જે સંદર્ભે આપની તા:30/01/૨૦૨૦ની એસ.એફ.એસ રજુઆતથી(૧) SFI સંસ્થામાં/ પ્રાઇવેટ કોલેજોમાં બોન્ડ, સોલવંશી/ બેંક ગેરંટી, બાહેધરીખત વગેરે દસ્તાવેજો કોના નામે લેવાં ? અને (૨) જે વિદ્યાર્થી અતિગરીબ હોય તેનાં કિસ્સામાં, ઉપર જણાવેલ સૂચનો પર માર્ગદર્શન મેળવવા દરખાસ્ત કરવામાં આવેલ જે પરત્વે જણાવવાનું કે, ક્રમાંક:(૧) અન્વયે ૧૨ સ્વનિર્ભર મેડીકલ કોલેજોના બોન્ડ, સોલવંશી/ બેંક ગેરંટી, બાહેધરીખત વગેરે દસ્તાવેજો સ્વનિર્ભર મેડીકલ કોલેજોના ડીનશ્રીઓના નામે ન લેતાં તે વિસ્તારની નજીકમાં આવેલ સરકારી મેડીકલ કોલેજોના ડીનશ્રીઓના નામે લેવામાં આવે તે વહીવટી રીતે વધુ ઉચિત અને યોગ્ય ગણાશે. આથી પ્રશ્ન હેઠળની ૧૨ સ્વનિર્ભર મેડીકલ કોલેજોના કિસ્સામાં નીચે દર્શાવેલ કોષ્ટક મુજબની સરકારી મેડીકલ કોલેજોના ડીનશ્રીના નામના તેની બાજુમાં જણાવેલ સ્વનિર્ભર મેડીકલ કોલેજોએ બોન્ડ ડૉક્યુમેન્ટ લેવાના રહેશે.

**સ્વનિર્ભર એન્ડ સરકારી મેડીકલ કોલેજ ઝોન,**

| ક્રમ | સરકારી મેડીકલ કોલેજ | ક્રમ | સ્વનિર્ભર મેડીકલ કોલેજ | સ્થળ |
|---|---|---|---|---|
| (૧) | બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ | (૧) | ગુજરાત કેન્સર સોસાયટી મેડીકલ કોલેજ | અમદાવાદ |
| | કુલ: ૫ કોલેજો | (૨) | ડો. એમ.કે. શાહ, મેડીકલ કોલેજ | અમદાવાદ |
| | | (૩) | ડો.એન.ડી. દેસાઈ, ફેકલ્ટી ઓફ મેડીકલ સાયન્સ રીસર્ચ | નડિયાદ |
| | | (૪) | બનાસ મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ | પાલનપુર |
| | | (૫) | નૂતન મેડીકલ કોલેજ એન્ડરીસર્ચ સેન્ટર, | વિસનગર |



To. Sh Arun GK 01-12-20

Fw To ms Anjali ... for circulation to ... PTI

| | | | | |
|---|---|---|---|---|
| (૨) | સરકારી મેડીકલ કોલેજ, વડોદરા | (૧) | પ્રમુખસ્વામી મેડીકલ કોલેજ | કરમસદ |
| | કુલ: ૪ કોલેજો | (૨) | પારૂલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એન્ડ રીસર્ચ | વાઘોડીયા |
| | | (૩) | શ્રીમતી બી.કે.શાહ, મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ | વાઘોડીયા |
| | | (૪) | ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, | દાહોદ |
| | | | | |
| (૩) | પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ | (૧) | સી.યુ. શાહ મેડીકલ કોલેજ | સુરેન્દ્રનગર |
| | કુલ: ૨ કોલેજો | (૨) | ગુજરાત અદાની ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સીસ | ભુજ |
| | | | | |
| (૪) | સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર | (૧) | શાન્તાબા મેડીકલ કોલેજ એન્ડ જનરલ હોસ્પિટલ | અમરેલી |

તેમજ ક્રમાંક(૨) પરત્વે અતિ ગરીબની વ્યાખ્યામાં બી.પી.એલ કાર્ડનો માપદંડ રાખવો યોગ્ય નથી. જે તે કિસ્સામાં ડીનશ્રી/કમિશ્નરશ્રી તરફથી જયારે દરખાસ્ત કરવામા આવશે ત્યારે સરકારશ્રી કક્ષાએ યોગ્ય તે નિર્ણય લેવામા આવશે. જે જાણ થવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(વી.જી.વણઝારા)

અધિક સચિવ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**નકલ રવાના:**

- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, તબીબી શિક્ષણ અને સંશોધન, ગાંધીનગર
- તબીબી અધિક્ષકશ્રી, સરકારી મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ- અમદાવાદ, વડોદરા , જામનગર, રાજકોટ ,સુરત, ભાવનગર .
- ડીનશ્રી, સરકારી મેડીકલ કોલેજડેન્ટલ કોલેજ/, અમદાવાદ વડોદરા, જામનગર, રાજકોટ, સુરત, ભાવનગર
- તબીબી અધિક્ષકશ્રી, જીએમઇઆરએસ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ- સોલાઅમદાવાદ-, ગોત્રીવડોદરા-, ગાંધીનગર, ધારપુરપાટણ-, વલસાડ, જૂનાગઢ, વડનગર, હિંમતનગર .
- ડીનશ્રી, જીએમઇઆરએસ મેડીકલ કોલેજ, સોલાઅમદાવાદ-, ગોત્રીવડોદરા-, ગાંધીનગર, ધારપુરપાટણ-, વલસાડ, જૂનાગઢ, વડનગર, હિંમતનગર.
- ડીનશ્રી,ગુજરાત કેન્સર સોસાયટી મેડીકલ કોલેજ, અમદાવાદ

- ડીનશ્રી,ડૉ.એમ.કે.શાહ,મેડીકલ કોલેજ,અમદાવાદ
- ડીનશ્રી,ડૉ.એન.ડી.દેસાઇ,ફેકલ્ટી ઓફ મેડીકલ સાયન્સ રીસર્ચ,નડીયાદ
- ડીનશ્રી,બનાસ મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ,પાલનપુર
- ડીનશ્રી,નુતન મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, વિસનગર
- ડીનશ્રી,પ્રમુખસ્વામી   મેડીકલ કોલેજ, કરમસદ
- ડીનશ્રી,પારૂલ ઇન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એન્ડ રીસર્ચ,વાઘોડીયા
- ડીનશ્રી,શ્રીમતી બી.કે.શાહ,મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ,વાઘોડીયા
- ડીનશ્રી ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ દાહોદ

- ડીનશ્રી,સી.યુ.શાહ મેડીકલ કોલેજ,સુરેન્દ્રનગર
- ડીનશ્રી,ગુજરાત અદાની ઇન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સીસ,ભુજ
- ડીનશ્રી,શાન્તાબા મેડીકલ કોલેજ એન્ડ જનરલ હોસ્પિટલ,અમરેલી